## વડીલોને વંદન
## અભિનંદન



નરસિંહભાઈ પી. પ્રજાપતિ
(૧૯૫૫)



કાન્તાબેન એન. પ્રજાપતિ
(૧૯૫૭)



કેશરીસિંહ ગાંડાજી બિહોલા
(૧૯૫૨) મો. ૯૯૭૪૫૨૫૬૨૮

# મહિલાઓમાં પણ ધુમ્રપાનનું પ્રમાણ વધ્યું

### શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારમાં આ કુટેવ ફાલી : પ્રોડકટ ઉપર ચેતવણી હોવા છતાં થઈ રહેલી અવગણના દિન-પ્રતિદિન કેન્સરના દર્દીઓમાં થઈ રહેલો વધારો

ગાંધીનગર, તા.૧

સમગ્ર વિશ્વમાં ૩૧મી મેના દિવસને તમાકુ નિષેધ દિવસ તરીકે ઉજવવાનું વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નક્કી થયેલું છે. આ દિવસ સિવાય પણ અનેક સેવાભાવી સંસ્થાઓ તમાકુ એ કેન્સરનું મુખ્ય કારણ હોઈ તમાકુ



છોડવા વિશ્વ વ્યાપી ઝુંબેશો હાથ ધરેલી છે. પરંતુ હવે આ તમાકુ અને તેની બનાવટોના ઉપયોગમાં મહિલાઓ પણ સક્રિય થઈ રહી હોવાના અહેવાલ આંકડાકીય દષ્ટિએ પ્રાપ્ત થઈ રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોના અભ્યાસમાં મહિલાઓમાં ધુમ્રપાનનું પ્રમાણ લગભગ ૩ ટકાથી વધારે વધ્યું છે. આમ વિશ્વ વ્યાપી ઝુંબેશના પરિણામો પુરૂષો ઉપર સફળ રહ્યા છે ત્યારે મહિલાઓમાં અસરકારક ન રહ્યા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે જે ચિંતાજનક બન્યું છે.

તમાકુ નિષેધ દિવસે ચિંતાજનક અને ગંભીર બાબત ગણાઈ રહ્યું હોય તો તે મહિલાઓમાં તમાકુ બનાવટની ઉપયોગીતામાં વધારો એક સેવાભાવી સંસ્થાના સર્વે મુજબ તમાકુનો ઉપયોગ કરનારા પૈકી ૬૦.૨ ટકા લોકો ચાલવા દરમિયાનના અડધા કલાકમાં જ તમાકુ અને સ્મોકીંગ કરતા થઈ જાય છે. જયારે કુલ તમાકુ સેવન કરતા લોકોમાં ૨૫.૮ ટકા લોકો ૧૫ વર્ષની ઉંમર પહેલા તેનું સેવન કરતા થઈ જાય છે. સ્મોકીંગ કરતાં લોકો થકી ૫૨.૩ ટકા લોકો ધુમાડાનો શિકાર બને છે અને તે સૌથી વધારે ઘરમાં થતો હોય છે. જયારે ૨૯ ટકા જાહેર સ્થળોએ આવું બનતું હોય છે. ૬૧.૧ ટકા લોકો પૈકી પાચમાંથી ત્રણ વ્યકિત ચેતવણી વાંચવા છતાં તમાકુનો ઉપયોગ ચાલુ રાખે છે જયારે ૩૧.૫ ટકા લોકો ચેતવણી વાંચી વ્યસન છોડી દેતા હોય છે. સૌથી અગત્યની બાબત એ છે કે દસે એક એવા સગીર પૈકી ૯.૬ ટકા સગીરો પ્રતિબંધિત તમાકુની બનાવટો ખરીદતા હોય છે જયારે સગીરોને આ બનાવટ વેચવા ઉપર પ્રતિબંધ છે આ તમામ બાબતોમાં પુરુષ કરતાં મહિલાની ટકાવારી વધુ હોવાનો પણ ઘટસ્ફોટ થયેલો છે.

વિશેષ બાબત તો એ છે કે શહેરી વિસ્તારોમાં મહિલાઓ ધુમ્રપાન બાબતે જેટલી સક્રિય નથી તેના કરતાં વધારે ગ્રામ્ય વિસ્તારોમાં આ પ્રમાણમાં ખુબ જ વધારો જોવા મળી રહ્યો છે. બીડી પીવી, તમાકુ ખાવી, ગુટખા, સોપારી મિશ્રિત તમાકુવાળો મસાલો વગેરે બનાવટોનો ઉપયોગ ખુબ જ વધી ગયો છે. મહિલાઓમાં ગર્ભાશય, સ્તન, જીભ, મોં અને અંડાશયના કેન્સરનું જોખમ તમાકુથી ઉભુ થાય છે. તેમજ સગર્ભા હોય ત્યારે આવનાર બાળક ઉપર પણ તેની અસરો વર્તાય છે જેમાં શ્રમિક વસાહતો અને શ્રમજીવી પરિવારોમાં આ પ્રમાણ ઉંચુ જોવા મળી રહ્યું છે. જયારે શહેરમાં હાઈફાઈ સોસાયટીની મહિલાઓ સિગરેટ જેવા વળગણમાં સપડાય છે.

વિશ્વમાં તમાકુ ઉત્પાદનમાં ભારત દેશનો ક્રમ ત્રીજો છે. જયારે વપરાશમાં બીજો છે જેથી લોકો લોક જાગૃતિ અભિયાન સાથે આ બનાવટોના પ્રતિબંધ સાથે સાથે તમાકુ ઉત્પાદન ઉપર પણ પ્રતિબંધ અનિવાર્ય બન્યો હોય તેવું લાગી રહ્યું છે.

# ગ્લોબલ હોસ્પિટલ્સ, મુંબઈના નિષ્ણાતો ગુજરાતમાં દર્દીઓનો ઉપચાર કરશે

દેશના પશ્ચિમી ભાગમાં લિવર નિષ્ફળતા સાથેના સેંકડો દર્દીઓમાંથી અત્યંત જૂજ લોકોને લિવર ટ્રાન્સપ્લાન્ટ પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં દર વર્ષે એકદમ જૂજ લિવર ટ્રાન્સપ્લાન્ટના કેસો નોંધાય છે, જયારે મુખ્યત્વે ઉત્તર અને દક્ષિણ ભારતમાં વર્ષે ૧૧૦૦ આસપાસ લિવર ટ્રાન્સપ્લાન્ટ થાય છે જે ગુજરાતની તુલના કરતાં ૯૦ ટકા વધુ છે. પશ્ચિમ ભારત લિવર ટ્રાન્સપ્લાન્ટેશન સેવાઓ અને વિસ્ત સુવિધાઓની બાબતમાં બહુ જ કમજોર છે. જેને લીધે દર્દીઓને હૈદરાબાદ સુધી પ્રવાસ કરવો પડે છે ત્યારે હવે ગ્લોબલ હોસ્પિટલ, મુંબઈના આંતરરાષ્ટ્રીય તાલીમબદ્ધ ડોકટરો સર્જરીઓ માટે અમદાવાદમાં ઉપલબ્ધ બનશે એવી વ્યવસ્થા કરાઈ છે. ભારતમાં પહેલી જ વાર આવી પહેલ કરાઈ છે, જેમાં ટીમોને કુશળ સલાહ આપવા માટે જે તે સ્થળે મોકલવામાં આવે છે.

લિવર ટ્રાન્સપ્લાન્ટ માટે સમર્પિત સુવિધાનો અભાવને લીધે મુખ્યત્વે લોકોને લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી માટે દક્ષિણ અને ઉત્તમ ભારત સુધી લાંબા થવું પડે છે. ગ્લોબલ હોસ્પિટલ ગૃપ હૈદરાબાદ, બેન્ગલોર અને ચેન્નાઈમાં તેની વિશ્વકક્ષાની હોસ્પિટલોમાં ૬૦૦ જેટલાં લિવર ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક પાર પાડવાનો અનુભવ અને નિપૂર્ણતા ધરાવે છે ત્યારે હાલમાં જ તેની અત્યાધુનિક ગ્લોબલ હોસ્પિટલ્સ મુંબઈ ખાતે તેણે ઈન્સ્ટિટયૂટ ઓફ લિવર ડિસીઝીઝ, એચપીબી સર્જરી એન્ડ ટ્રાન્સપ્લાન્ટેશન લોન્ચ કરી છે. ગુજરાતના દર્દીઓને સેવા આપવા માટે ગ્લોબલ હોસ્પિટલ મુંબઈના આંતરરાષ્ટ્રીય નામાંકિત નિષ્ણાતો ગ્લોબલ હોસ્પિટલ ઈન્ફોર્મેશન એન્ડ ટેલીમેડિશીન સેન્ટર, અમદાવાદ ખાતે દર્દીઓને કન્સલ્ટેશન પૂરું પાડશે.

# હવે 'મધુર કાફે' અને 'ફરતું મધુર' નગરજનોને અવનવા નાસ્તા અને વાનગીઓ પીરસશે

### ડેરીના મેઈન ગેટ પાસે 'મધુર કાફે'નું ઉદ્‌ઘાટન કરાયું અને હોમડીલીવરી માટે રેફ્રિજેટેટ વાન ફરતી મુકાઈ : ડેરીના પ્રાંગણમાં આવેલ ખોડીયાર માતાજીના મંદિરમાં નવા ફોટાની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ : ૪૪મી વાર્ષિક સાધારણ સભા પણ યોજાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની મધુર ડેરીમાં આજે એક સાથે અનેક પ્રસંગો યોજાયા



હતા. આ પ્રસંગોમાં મધુર ડેરીના મેઈન ગેટ પાસે 'મધુર કાફે'નું ઉદ્‌ઘાટન, 'મધુર ઓન વ્હીલ મોબાઈલ વાન'નું લોન્ચીંગ અને કેમ્પસમાં આવેલા ખોડિયાર માતાજીના મંદિરમાં નવીન ફોટાની પ્રાણ પ્રતિષ્ઠાનો સમાવેશ થાય છે. આ સાથે ડેરીની ૪૪મી વાર્ષિક સાધારણ સભા પણ આજે યોજવામાં આવી હતી.

સેકટર-૨૫માં જીઆઈડીસીમાં આવેલ ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા અને આજુબાજુના વિસ્તારમાં વસતા પશુપાલકો તેમજ દૂધ અને દૂધની બનાવટો ખરીદતા ગ્રાહકો માટે આજે પ્રજાલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. સૌથી પહેલા સવારે ૭.૩૦ વાગે મધુરડેરીના પ્રાંગણમાં સ્થિત ખોડીયાર માતાજીના મંદિરમાં નવા ફોટાની પ્રાણ પ્રતિષ્ઠા યોજવામાં આવી હતી. શક્તિના સથવારે વાસ્તુશાસ્ત્રથી સંકળાયેલ ભવ્યતમ મંદિરમાં આ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારબાદ ૮ વાગે મધુર ડેરીના મેઈન ગેટની બાજુમાં મધુર કાફેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાફેમાં વિવિધ નાસ્તાની આઈટમો નહિ નફો, નહિ નુકસાનના ધોરણે સારી, શુદ્ધ અને પોષણક્ષમ દૂધ અને તેના દ્વારા બનતી વાનગીઓ પીરસવામાં આવશે.

મધુર ડેરી દ્વારા આ પ્રસંગે ગ્રાહકોને ઘરે બેઠા પણ અથવા પોતાની પસંદગીના સ્થળોએ મધુર ડેરીની ઉત્પાદન વસ્તુઓ જેવી કે દૂધ, દહી, છાશ, પનીર તેમજ મીઠાઈઓ સહેલાઈથી મળી રહે તે માટે 'ફરતુ મધુર' એટલે કે મધુર ઓન વ્હીલ્સ મોબાઈલ વાન પણ લોન્ચ કરાઈ હતી. આકર્ષિત પોઝમાં વિવિધ રંગોસભર આ રેફ્રિજનેરેટેડ વાન નગરના લોકોને સરળતાથી ડેરી પ્રોડક્સ અને અન્ય વાનગીઓ પુરી પાડશે. આ સાથે મધુર




ડેરીના સભાસદોની ૪૪મી વાર્ષિક સાધારણ સભા ૧૧ વાગે ડેરીના કોન્ફરન્સ હોલમાં યોજાઈ હતી. જેમાં જિલ્લાની સંલગ્ન દૂધ મંડળીઓના ચેરમેનો, કારોબારી સભ્યો, મંડળીના વાહક મંત્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં વહીવટીય વર્ષના લેખાજોખા અને ભાવફેર તેમજ મધુર ડેરીના નાણાંકીય પાસાની બાબતોની ચર્ચા કરાઈ હતી.

# ૧૮ લાખની લૂંટના મામલામાં પોલીસ હજુ પણ અંધારામાં છે

અમદાવાદ, તા.૦૧

અમદાવાદ શહેરમાં રોજ-રોજ લૂંટ અને ચેઈનસ્નેચિંગના બનાવો જાણે સામાન્ય બની રહ્યા છે. ત્યારે આવા લુટારૂઓ પર બાજ નજર રાખવા માટે પોલીસ કમિશનર શિવાનંદ ઝાએ હથિયારધારી બાઈકર્સની હોક સ્કવોડની ૬૨ બાઈકર્સની ટીમ તૈયાર કરી છે. પરંતુ બાઈકર્સ જવાનોની પરિસ્થિતિ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી થઈને ઉભી રહી ગઈ છે. હોક સ્કવોડને રોડ પર ઉતારવામાં આવી તે જ દિવસે ત્રાટકેલા લુટારૂઓ પોલીસને ગાલ પર તસ-તસ તો તમાચો લગાવી દીધો. અમદાવાદના હાજીપુરા ગાર્ડનથી રિક્ષામાં રતનપોળ જઈ રહેલા રમેશ કાંતીલાલ આંગડિયા પેઢીના કર્મચારીના રૂપિયા ૧૮ લાખ તસ્કરો લૂંટી ગયા. મુસાફરના સ્વાંગમાં રિક્ષામાં ગોઠવાઈ ગયેલા લુટારૂઓએ કર્મચારીને છરી મારી પૈસા લૂંટી લઈ તેને રોડ પર ફેંકી દીધો હતો. ત્યાં સુધી હોક સ્કવોડ જાણે કે ફાંફા મારી રહી હતી.

ફરી એકવાર અમદાવાદ પોલીસની સ્થિતિ કાપો તો લોહી ન નીકળે તેવી થઈને ઉભી રહી ગઈ છે. પરંતુ લુટારૂઓ પેઢીની ઓફિસમાં ઘુસીને લૂંટ કે લૂંટના પ્રયાસ અવારનવાર કરતા આવ્યા છે. આવા સંજોગોમાં પોલીસે આંગડિયા પેઢીના જોખમ લઈને જતાં કર્મચારીઓને પોલીસ પ્રોટેકશન આપવાની યોજનાઓ ઘડે છે.

# મોદી સીએમ હતા ત્યારે અમેરિકાએ નફરત કરી પણ પીએમ થયા એટલે પ્રેમ ઉભરાયો

ભારતના પ્રાઈમ મિનિસ્ટર બન્યા બાદ નરેન્દ્ર મોદી માટે અમેરિકા જવાના રસ્તા ખૂલ્લા થયા છે. અમેરિકન પ્રેસિડેન્ટ બરાક ઓબામાએ મોદીને અમેરિકા આવવાનું આમંત્રણ પણ આપી દીધું છે. આ એક ડિપ્લોમેટિક સબંધો છે. ૨૦૦૨માં કોમ્યુનલ રાયટ પછી અમેરિકાએ ૨૦૦૫માં મોદીના ડિપ્લોમેટીક સહિતના ત્રણ -કારના વિસા ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો. મોદીને વિઝા માટે યુપીએ સરકાર અને ભાજપના નેતાઓએ ખૂબ સંઘર્ષ કર્યો છે પણ મોદીએ હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નથી. મોદીએ ૨૦૦૫માં મણિનગરની સ્વાભિમાન રેલી પછી ક્યારેય અમેરિકા વિશે અપપ્રચાર કર્યો નથી, એ તેમના રાજકીય જીવનનો પ્લસ પોઈન્ટ છે...

૨૦૦૫ પછી મોદીને વિસા આપવા અંગેના નિર્ણયમાં દર વર્ષે અમેરિકાના પ્રતિક્રિયા જોવા મળી છે. છેલ્લે ૨૦૧૩માં પણ અમેરિકાએ મોદીના વિસા અંગે ફેરવિચારણા કરવાનો ઈન્કાર કરી દીધો હતો પરંતુ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં મોદી તરફી પ્રવાહ જોઈને અમેરિકાએ તેની નિતીમાં પરિવર્તનનો સંકેત આપી દીધો હતો અને હવે જયારે મોદી પ્રાઈમ મિનિસ્ટર બની ચૂક્યાં છે ત્યારે ખુદ વ્હાઈટહાઉસ તેમને અમેરિકા આવવાનું આમંત્રણ આપે છે. અમેરિકાનું એક ટોપ ડેલિગેશન મોદીને મળવા માટે જૂન મહિનામાં આવી રહ્યું છે. ૧૬ સપ્ટેમ્બર થી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન યુનાઈટેડ નેશન્સની મહાસભા યોજાવાની છે ત્યારે ભારતના પ્રતિનિધિ તરીકે મોદી તેમાં હાજરી આપવાના તો છે, જ પરંતુ એ પહેલાં તેઓ બરાક ઓબામાને મળે તેવી સંભાવના દેખાઈ રહી છે. એક ઓફિસરે સાચુ કહ્યું છે કે મોદી સીએમ હતા એટલે અમેરિકાએ નફરત કરી પણ હવે પીએમ થયા એટલે પ્રેમ ઉભરાયો છે...

## પ્રવાસી લોકો હવે વારાણસી પછી મોદીનું વતન વડનગર જોવા જશે

**ગુડ ગવર્નન્સમાં ગુજરાત મોડેલ આવશે...**

ગુજરાતની જેમ દિલ્હીમાં પણ ગુડ ગવર્નન્સનો પ્રારંભ પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ કરી દીધો છે. ગુજરાતમાં આખી સરકાર ઓનલાઈન છે તેમ કેન્દ્રની સરકારને પણ ઓનલાઈન કરવાના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. મોદીએ પહેલા સ્ટેપમાં જ તેમના પ્રધાનોને કહ્યું કે આપણે અહી ૧૮ કલાક કામ કરવાનું છે. પ્રધાનો અને તેમના ડિપાર્ટમેન્ટના હિસાબ-કિતાબ ફેસબુક અને ટ્વિટરના માધ્યમથી લોકો સમક્ષ પ્રદર્શિત કરવાના છે. આજે સોશ્યલ સાઈટ ઉપર દેશનું ૮૫ ટકા યુવા ધન જોવા મળે છે. ફેસબુકના વપરાશમાં વિક્રમસર્જક ઉછાળો આવ્યો છે...



ભારત જયારે સંપૂર્ણપણે ફોર-જી નેટવર્ક સાથે જોડાશે ત્યારે કદાચ હાલની ટીવી ચેનલોને જોવાની ફુરસદ પણ લોકો પાસે હશે નહીં. આંગળીના ટેરવે વિશ્વની સાથે વધુને વધુ લોકો વાત કરતા થઈ જશે. અત્યારે વોટ્સએપ, ફેસબુક અને ટ્વિટરનો જમાનો છે. લોકસભાની ચૂંટણીનું કેમ્પેઈન અને પરિણામ બહુધા લોકોએ સોશ્યલ સાઈટ ઉપર માણ્યું છે. સર્વે કહે છે કે એકલા નરેન્દ્ર મોદીને જ દેશના ૬૫ ટકા યુવાનો અને ૩૯ ટકા મહિલાઓએ મતો આપ્યા છે...મોદીએ જયારે સોશ્યલ નેટવર્કિંગનું અભિયાન ઉપાડ્યું ત્યારે કોંગ્રેસના નેતાઓ તેમના ઉપર હસતા હતા. તેઓ માનતા હતા કે સોશ્યલ સાઈટ જોનારો વર્ગ મતદાન કરવા જતો નથી, આજે આ વર્ગના કારણે મોદીને અપ્રતિમ સફળતા મળી છે...

**પહેલાં નબળી સરકાર, હવે નબળો વિપક્ષ...**

દિલ્હીમાં પહેલા નબળી સરકાર હતી, જેનામાં નિર્ણયશક્તિનો અભાવ હતો. મનમોહનસિંહ સુપર પાવર છતાં પોતાની રીતે નિર્ણય લઈ શકતા ન હતા. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જાહેરમાં ઓર્ડિનન્સ ફાડી નાંખે તેમ છતાં પ્રાઈમ મિનિસ્ટર મૌન રહે તે વિપક્ષ ભાજપને પણ ગમ્યું ન હતું. સરકાર ક્યાં પારકી હતી, પોતાના જ લોકો હતા છતાં અંદરોઅંદર મતભેદો એટલા અપરંપાર હતા કે એક બીજા પ્રત્યે અબોલા થઈ ગયા હતા. મોદીએ સાચુ જ કહ્યું હતું કે યુપીએ સિંકિંગ શીપ છે. આટલો બધો ભ્રષ્ટાચાર, અનિર્ણાયકતા અને આર્થિક અરાજકતાનો માહોલ છતાં કોંગ્રેસના નેતાઓ હાથ ઉપર હાથ

## કોંગ્રેસના કરમ ફુટેલા, ગુજરાત પછી દિલ્હીમાં વિપક્ષનો નબળો રોલ

રાખીને બેસી રહ્યા હતા. આજે લોકસભામાં મુખ્ય વિરોધપક્ષ થઈ શકે તેવી કોંગ્રેસમાં હિંમત રહી નથી....

હવે આપણને ૨૦૧૪માં મજબૂત સરકાર તો મળી છે પણ તેણે નબળો વિરોધપક્ષ આપ્યો છે. મોદી સરકારના નિર્ણયોને ચેલેન્જ કરી શકે તેવી ટીમ વિરોધપક્ષ પાસે બચી નથી. ગુજરાત મોડલ બધે જ અમલી બન્યું છે. વિપક્ષની સ્થિતિમાં પણ ગુજરાત મોડલ આવે છે. ગુજરાતમાં મોદી માટે ૧૩ વર્ષ સુધી વિરોધપક્ષ ન હતો. વિપક્ષને મોદીએ ત્રણ ચૂંટણીમાં સાફ કરી દીધા હતા. જે બોલકા હતા તેમને ભાજપમાં પ્રવેશ અપાવી દીધો. બાકીના તોફાની કોંગ્રેસી નેતાઓના ભાજપની સરકારે કામ કરી આપ્યા, એટલે તેઓ ચૂપ થઈ ગયા...

**૫૦ ટકા મહિલા અનામત અને ગુજકોક ઓન વે...**

કેન્દ્ર સાથેના પડતર પ્રશ્નોના નિકાલમાં હવે ગુજરાત સરકારે દિલ્હી દરબારમાં વારંવાર રજૂઆતો નહી કરવી પડે, કારણ કે મોસાળમાં જમણ અને મા પિરસનાર છે.. આપણા ગુજરાતના નરેન્દ્રભાઈ હવે પ્રાઈમ મિનિસ્ટર છે અને કેબિનેટના ૭૦ ટકા પ્રધાનો ગુજરાતથી વાકેફ છે. ૨૦૦૩માં ગુજરાત સરકારે બનાવેલો ગુજકોક નો કાયદો હવે દિલ્હીમાં મંજૂર થઈ જશે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામત સાથે ફરજીયાત મતદાનનું બિલ પ્રેસિડેન્ટ સમક્ષ પાસ થઈ જશે. નર્મદા યોજનામાં ગેઈટ મૂકવાની મંજૂરી ઓન વે... છે તેવું કહી શકાય તેમ છે.

**ટાઈમ લાઈન**
**- ગૌતમ પુરોહિત**

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એક સમારંભમાં જ એવી જાહેરાત કરી હતી કે ૨૦૦૬માં અટકેલું નર્મદા ડેમનું બાકી કામ હવે શરૂ થશે. અમદાવાદનું કર્ણાવતી નામાભિધાન કરવા માટે સુબ્રમણ્યમ સ્વામીએ પ્રાઈમ મિનિસ્ટરને રજૂઆત તો કરી દીધી છે, હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેની ફ્રેશ દરખાસ્ત મોકલે તેટલી વાર છે. ગુજરાતના બાકી નિકળતા સેલ્સટેક્સના ૩૫૦૦ કરોડ મળવાની આશા જાગી છે. કેન્દ્ર સાથેના કુલ ૧૧૧ જેટલા પડતર પ્રશ્નો છે જેનો નિવેડો આવનારા પાંચ વર્ષમાં આવી જશે તેવું લાગી રહ્યું છે. સૌ -થમ તો અમદાવાદ-મુંબઈ વચ્ચેની બુલેટ ટ્રેનની માગણી મંજૂર થાય તેવી સંભાવના આનંદીબેન પટેલ વ્યક્ત કરી રહ્યાં છે...

**વડનગર હવે દુનિયાના નકશામાં આવશે...**

ઉત્તર ગુજરાતનું ઐતિહાસિક સ્થળ વડનગર એ ભારતના પ્રાઈમ મિનિસ્ટરનું વતન હોવાથી હવે તેને દુનિયાના નકશામાં સ્થાન મળી રહ્યું છે. ભારતમાં હવે મોદી ટુરિઝમ શરૂ થાય તો નવાઈ પામવા જેવું નથી. અમદાવાદના એક ટુર ઓપરેટરે મોદીના આ વતનની એક દિવસની ટૂર નક્કી કરી છે. વડનગર એ મોદીનું બર્થપ્લેસ તો છે જ, પરંતુ એક ઐતિહાસિક નગરી છે. પૌરાણિક કાળના અનેક અવશેષો આ નગરની ભૂમિમાં દટાયેલા છે... મોદીનો જે ઘરમાં જન્મ થયો હતો તેમાં હવે મ્યુઝિયમ બની રહ્યું છે. ખ્યાતનામ આઈટી કંપની આઈબીએમ તરફથી ગ્રાઈન્ડ વર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે...

વડનગરમાં શર્મિષ્ઠા તળાવ, હાટકેશ્વર મહાદેવ, તાના-રિરિની સમાધિ, જૈન દહેરાસર અને મ્યુઝિયમ જોવાલાયક છે. આ નગર તોરણો માટે પણ પ્રખ્યાત છે. વિક્રમની બીજી શતાબ્દીમાં પશ્ચિમ ભારતથી ઓળખાતા ગુજરાતના આનર્ત વિભાગનું મુખ્ય શહેર આનંદપુર કે આનર્તપુર હાલમાં જેને વડનગર કહેવામાં આવે છે. વલભી રાજયકાળ દરમ્યાન વિદ્યાકલા માટે તે ગુજરાતનું બનારસ કહેવાતું હતું, અહી રહેતા અનેક વિદ્વાનોએ બહારના દેશોમાં જઈ પોતાની વિદ્યાની સુવાસ ફેલાવી હતી. ચીની મુસાફર હ્યુ એન સંગે તો તે સમયના આ પ્રતાપી નગરની કારકિર્દીથી લોભાઈને તેની મુલાકાત લઈ વિગતવાર વર્ણન પોતાની નોંધપોથીમાં કર્યુ છે.



**સરકારના વહીવટી તંત્રમાં ફેરફારો આવશે...**

ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો તોળાઈ રહ્યાં છે. સામાન્ય વહીવટ વિભાગે ઓફિસરો અને વિભાગોની યાદી તૈયાર કરી દીધી છે પરંતુ સવાલ એ છે કે વિધાનસભાના એક મહિના સુધી ચાલનારા બજેટ સત્ર પહેલાં ટ્રાન્સફરો થાય છે કે બજેટ સત્ર પછી એ નિશ્ચિત નથી. જો બજેટ સત્ર પછી ટ્રાન્સફર કરવાની થાય તો ગુજરાતને નવા ચીફ સેક્રેટરી સૌ પ્રથમ મળશે કારણ કે હાલના ચીફ સેક્રેટરી ડો. વરેશસિંહાના એક્સટેન્શનની મુદત જુલાઈમાં પૂર્ણ થાય છે...



લોકસભાની ચૂંટણી દરમ્યાન ચૂંટણી પ્રક્રિયામાં પરોવાયેલા ઓફિસરોની ટ્રાન્સફર આ મહિનામાં શક્ય છે પરંતુ વિભાગીય ટ્રાન્સફરો બજેટ સત્ર પછી સંભવ છે. આઈએએસ ની સાથે આઈપીએસ ઓફિસરોની પણ મોટાપાયે બદલીઓ તોળાઈ રહી છે. ડેપ્યુટેશન પર ગયેલા ઓફિસરો પણ બે મહિનામાં પાછા આવી રહ્યાં છે. એ સાથે આ બન્ને કેડરમાં ઘણાં લાંબા સમયથી પ્રમોશનો પણ અટકેલા છે. આ મહિનામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઉજવાશે એટલે ઓફિસરોને ફરી પાછા ગુજરાતના ગામડા ખૂંદવા જવું પડશે. જો કે ઓફિસરોમાં મોદીનો ડર રહ્યો નથી તેથી તેઓ થોડાં રિલેક્સ બની ગયા છે.

**ઉંચો હોદો સ્વભાવમાં નરમાશ લાવે છે...**

રાજકીય નેતાઓમાં પદ બદલાય એટલે સ્વભાવમાં પરિવર્તનનો પવન ફૂંકાય છે. પોલીસ ખાતાની નોકરીમાં કોન્સ્ટેબલનો પાવર જૂદો હોય છે અને સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસનો પાવર અલગ પ્રકારનો જોવા મળે છે, તેમ રાજકારણમાં પદ ઉપર બેઠેલા રાજયકક્ષાના પ્રધાનનો પાવર જુદો હોય છે અને ચીફ મિનિસ્ટરનો સ્વભાવ જુદો જોવા મળે છે. નાના પદમાં કામ ઓછું રૂઆબ વધારે હોય છે, પણ ઉંચા પદમાં કામ વધુ પણ સ્વભાવમાં નરમાશ વધુ જોવા મળે છે....

ગુજરાતના ચીફ મિનિસ્ટર પદે ૧૩ વર્ષ સુધી એકચક્રી શાસન કરનાર નરેન્દ્ર મોદીના સ્વભાવમાં ભારે પરિવર્તન આવી ચૂક્યું છે. તેમનું પદ ઉંચું થતાં તેઓ સોફ્ટ થઈ ગયા છે. પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછીના ત્રણ મહત્વના પ્રસંગોમાં તેઓની આંખમાં આંસુ છલકાયા હતા. આજે તેઓ તેમના વિરોધીઓને પણ પ્રેમથી મળે છે. બીજી તરફ આચાર્ય હોવાના કારણે ખૂબ કડક સ્વભાવ ધરાવતા ગુજરાતના નવા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલના સ્વભાવમાં ઘણો ફરક જોવા મળે છે. સરકારમાં બધાં સાથે હળીમળીને આનંદથી તેઓ -ત્યુત્તર આપે છે. આ પરિવર્તનથી ભાજપના ધારાસભ્યોને પણ આશ્ચર્ય થયું છે...

## પ્રધાનોની એમ્બેસેડરથી શરૂ થયેલી સફર એસયુવી લાવીને અટકશે

**પ્રધાનોની કારની સફર, એમ્બેસેડર થી એસયુવી...**

ગુજરાત સરકારના પ્રધાનો માટે નવી સરકારી કાર ખરીદવાની શરૂઆત પ્રત્યેક બદલાતી સરકારમાં થઈ છે. પ્રધાનોની કારમાં ભલે માઈલેજ ઓછા આવે પણ સુરક્ષાની દ્રષ્ટીએ કાર મજબૂત હોવી જરૂરી છે. રાજયનો સામાન્ય વહીવટ વિભાગ તમામ પાસાની ચકાસણી કર્યા પછી કાર પરચેજ કરવાનો ઓર્ડર આપે છે. કોંગ્રેસ અને ભાજપના શાસનમાં અત્યાર સુધી છ કાર બદલાઈ છે. હવે આનંદીબેન પટેલની સરકારમાં પણ સરકારી કાર બદલવાની પ્રપોઝલ કરવામાં આવી છે ત્યારે કાર ડિલરોએ સચિવાલયમાં લાઈન લગાવી છે. સરકારને ઓછામાં ઓછી ૩૦ થી ૩૩ ગાડીઓના ઓર્ડર આપવાના હોય છે....

ભૂતકાળમાં જઈએ તો કોંગ્રેસની સરકારે એમ્બેસેડરથી શરૂઆત કરી હતી તે પછી કોન્ટેસા અને મારૂતીની એનઈ-૧૧૮ કાર ખરીદવામાં આવી હતી. ભાજપની કેશુભાઈ પટેલની સરકારે સિએલો કાર ખરીદી હતી પછી ઈનોવા ગાડી લેવામાં આવી અને હવે એસયુવી ખરીદવાનું નક્કી થઈ રહ્યું છે. તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના સમયમાં સ્કોર્પિયો ખરીદવામાં આવી હતી જે હાલ આનંદીબેન પટેલના કાફલામાં જોવા મળે છે, પરંતુ પ્રધાનોની સાથે તેમને પણ બીએમડબલ્યુ જેવી એસયુવી કાર આપવામાં આવે તો નવાઈ નહી... બીએમડબલ્યુ કારના સૌથી મોટા ડિલર જફર સરેશવાલાની સચિવાલય મુલાકાત ઘણું બધું કહી જાય છે...